# ઉત્તર ગુજરાતના ૩૫૦૦ થી વધુ કેમિસ્ટોનો ઓનલાઈન દવા વેચાણ સામે હલ્લાબોલ

**અરવલ્લી જીલ્લાના કેમિસ્ટોએ રેલી યોજી હલ્લાબોલ કરી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી 'ઓનલાઈન ફાર્મસી તુરંત બંધ કરવાની માંગ'**




મોડાસા, તા.૮

સમગ્ર દેશમાં ઓનલાઈન દવાઓનો વેપાર કરનાર કંપનીઓ અને સાઈટ પર એલોપેથિક દવાઓમાં મસમોટું લોભામણી લાલચ આપવામાં આવતી હોવાથી દવા બજાર સાથે સંકળાયેલરિટેલ અને હોલસેલ વેપારીઓના ધંધાને માઠી અસર પહોંચી છે ઈ-ફાર્મસી પર સરકાર દ્વારા પ્રતિબંધી નશીલી દવાઓનું પણબેફામ વેચાણ થતા યુવાધન બરબાદીની ગર્તામાંધકેલાવાની દહેશત પેદા થતા અને ઈ-ફાર્મસી પર વેચાતી નશીલી દવાઓ પર મહદઅંશે કાબુ મેળવવામાં નિષ્ફળ રહેતા ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોશિએશન દ્વારા દવાના ઓનલાઈન વેચાણ પર પ્રતિબંધ લાદવા વારંવાર સરકાર રજુઆત કરવા છતાં ન્યાય નહિ મળતા ૨૭ સપ્ટેમ્બરે મેડિકલ સ્ટોર્સ બંધ રાખી સજ્જડ બંધ રાખી વિરોધ પ્રદર્શનથી નિવેડો ના આવતા ૮ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ઉત્તરગુજરાતના ૩૫૦૦ થી વધુ રિટેલ અને હોલસેલ દવાના વેપારીઓએ હલ્લાબોલ કાર્યક્રમ યોજી જીલ્લા કક્ષાએ કલેક્ટર અને મદદનીશ કમિશ્નર (ફૂડ એન્ડ ડ્રગ) ને રેલી યોજી આવેદનપત્ર આપી "ઈ-ફાર્મસી" પર પાબંધીની માંગ કરી હતી.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસામાં જીલ્લાના કેમિસ્ટોએ હલ્લાબોલ કરી બસ સ્ટેન્ડ થી જીલ્લા કલેક્ટર કચેરી સુધી રેલી યોજી સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા કેમિસ્ટ એશો. ના પ્રમુખ દિપક પટેલ, મોડાસા કેમિસ્ટ એશો.ના પ્રમુખ સુરેશ ભાઈ શાહ, મંત્રી દિનેશ સુથાર સહીત જીલ્લાના કેમિસ્ટોએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ઓનલાઈન ફાર્મસી થી પ્રજાજનોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થતા રોકવા, યુવાનોને નશાખોરીમાં જતા બચાવવા અને દવા બજાર સાથે સંકળાયેલા લાખ્ખો પરિવારોને બેરોજગાર થતા બચાવવા તાત્કાલિક અસર થી ન્યાયાલય ના નિર્ણય મુજબ "ઈ-ફાર્મસી" ને તુરંત બંધ કરવાની ઉગ્ર માંગ કરી હતી.

## ભિલોડા તાલુકાના ભેટાલી, વસાઈ અને જલારામ કંપા પંથકમાં

# દિપડાએ પશુનું મારણ કરતાં પશુપાલકો ભયભીત

ભિલોડા,તા.૮

ભિલોડા તાલુકાના ભેટાલી, વસાઈ, જલારામકંપા સહિત આજુ-બાજુના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્યવિસ્તારોમાં ખુંખાર દિપડો સીમવિસ્તારોમાં તબેલાઓમાં બાંધેલા પશુઓનું મારણ કરતો હોવાના કારણે પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખુંખાર દિપડો પશુઓનું મારણ કરતા હોઈ પશુપાલકો, ભરવાડોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો છે.ખુંખાર દિપડો શિકારની શોધની શોધમાં મધ્યરાત્રે ફરતો હોય છે ત્યારે પશુઓનું મારણ કરી જંગલ વિસ્તારમાં પશુઓને ખેંચીને લઈ જાય છે. વન વિભાગના અધિકારીઓ ધ્વારા પાંજરૂ મુંકી ખુંખાર દિપડાને સત્વરે ઝડપી લેવામાં આવે તેવી પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

ભેટાલી ગામના મનુભાઈ પટેલના જણાવ્યા મુજબ વસાઈ ગામ પાસે આવેલ જલારામકંપાના પશુપાલક ગણપતભાઈ પટેલના તબેલામાં બાંધેલી એક વર્ષની નાગોરી પાડીનું મારણ કરી દિપડો મધ્યરાત્રે જંગલ વિસ્તારમાં લઈ ગયો હતો. તબેલામાં બાંધેલી પાડીનું ખુંખાર દિપડાએ મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.





વાસાઈ ગામના માંકમસિંહ ચાવડાનો પાળેલો કુતરો (લેબ્રાડોર)નું પણ દિપડાએ શિકાર બનાવ્યો હતો. દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોય પશુપાલકોને નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

નાંદોજ, રામનગર, આડા હાથરોલ પંથકમાં ખુંખાર દિપડો છેલ્લા કેટલાક સમયથી પશુઓનું મારણ કરતો હોવાના કારણે ભરવાડો, પશુપાલકો અને ખેડુતોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો છે. ભરવાડો, પશુપાલકો, ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોય છે.

પશુપાલકો દ્વારા વન વિભાગના જવાબદાર અધિકારીઓને રજુઆતો કરવા છતાં વન વિભાગના અધિકારીઓ ખુંખાર દિપડાને પાંજરૂ મુંકીને કેમ ઝડપી શકતા નથી તેમ લોકમુખે ચર્ચાય છે. વન વિભાગ ધ્વારા પાંજરૂ મુંકી દિપડાને પકડવાની કામગીરી ના કરાતાં ખેડુતો, પશુપાલકો, ભરવાડો મધ્યરાત્રે ફટાકડા ફોડી ઉજાગરા કરી દિવસો ગુજારી રહ્યા હોવાનું ખેડુતો દ્વારા જાણવા મળેલ છે.

અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ રામનગર, નાંદોજ, આડા હાથરોલ પંથક સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરતો વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાનો આતંક વધતાં ભરવાડો, પશુ-પાલકો, ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ભયની લાગણી અનુભવી રહ્યા છે. ભેટાલી, વસાઈ, જલારામા કંપા, ખેરાડી, વણઝર, રામનગર પંથકના ખેડુતો, પશુપાલકો, ભરવાડો, પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે કે વન વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા સત્વરે વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાને પાંજરૂ મુંકી ઝડપી લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી છે.



## ડીસામાં ઠંડીનો કહેર

ઉત્તરભારતમાં પડી રહેલા હીમપ્રાતને લઈ સમગ્ર ઉત્તર ગુજરાતમાં ભારે ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. ત્યારે ડીસા શહેરમાં પણ ઠંડીનો પારો નીચે આવી ગયો છે. ડીસા શહેરમાં ઠંડીને લઈ લોકો ઠુંઠવાઈ રહ્યા છે. દિવસે પણ પવનની લહેરો શરૂ થતા લોકો ગરમ કપડાંમાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. કાતિલ ઠંડીને કારણે સાંજે વહેલી દુકાનો બંધ થઈ જાય છે. મોડી રાત બજારો સુમસામ બની જાય છે. ઠંડીને કારણે ગરમ કપડાના વેચાણમાં તેજી આવી છે.

## અરવલ્લી જિલ્લા ભારતીય કિસાન સંઘ લાલ વાવટા સાથે ખેડૂતોની વ્હારે : જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા.૮

મોડાસા માર્કેટયાર્ડ થી લાલ વાવટાઓ સાથે જીલ્લા ભારતીય કિસાન સંઘે રેલી યોજી ખેડૂતોના ખાતામાં પ્રતિ એકર રૂ.૧૦૦૦૦/- જમા કરવાની માંગ સાથે જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી કિસાનોની સમસ્યાનું સમાધાન નથી અનેક કિસાનોને હજુ પણ ધિરાણની સુવિધા થી વંચિત હોવાની સાથે કૃષિ ક્ષેત્રની જુદી જુદી ચીજ વસ્તુઓ ઉપર લગાવવા માં આવેલ જી.એસ.ટી સંપૂર્ણ રદ કરવામાં આવે પાક વીમો મરજીયાત કરવાની સાથે તેમાં રહેલી




ખામીઓ કરી વિમાની રકમની તુરંત ચુકવણી કરવાની,ત્રણ લાખ સુધીના કૃષિ ધિરાણ વિના વ્યાજે આપવામાં આવે, ડીઝીટલ જમીન રીસર્વે રહેલી ભૂલો સુધારવામાં આવે અને ગુજરાતમાં ભૂંડ, રોઝ થી થતા ખેતીના ભેલાણ માં સહાય આપવામાં આવે સહિતની માંગ સાથે પ્રમુખ જીવાભાઈ લટા અને ડાહ્યાભાઈ જાદવની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉપસ્થિત રહી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. ખેડૂતોની કફોડી હાલત અંગે માહિતગાર કરી ખેડૂતોને ન્યાય આપવાની માંગ કરી હતી.

આઝાદીના સાત સાત દાયકાઓ પછી પણ આજે કૃષિ અને કિસાનોની સમસ્યાઓ ઉપર પૂરતું ધ્યાન આપતા નથી આજદિન સુધી તમામ સરકારો માત્ર ચુનાવી વાયદાઓ ના જુમલા કરી રહ્યા છે ખેડૂતોની સ્થિતિ ત્યાંને ત્યાં છે દેવા નાબુદીના નામે કિસાનોની સહાયતા ઓછી પણ બેઈજ્જતી વધુ થઈ રહી છે દેવા નાબુદી

# મોડાસાના ટીંટોઈ ગામે બંધ મકાનમાં ધાડ પાડી સાત લાખના મુદ્દામાલની લૂંટ

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં શિયાળાની ગાત્રો થીજાવતી ઠંડીમાં ઘરફોડિયા, ચોર લૂંટારુ ગેંગે તળખળાટ મચાવતા પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગના દાવાઓની પોલ ખુલ્લી પાડી રહ્યા છે. મોડાસાના ટીંટોઈ ગામે શુભમ કિસાન પેટ્રોલપંપના માલીક બિપિનભાઈ ભંડારીના બંધ મકાનમાં ધાડ પાડી રોકડ રકમ સહીત સોના ચાંદીના દાગીના મળી અંદાજે ૭ લાખ રૂપિયાના મુદ્દામાલની લૂંટ ચલાવી ઘરફોડિયા ગેંગ ફરાર થતા ભારે ફફડાટ ફેલાયો હતો. ચોર-લૂંટારુ ગેંગ ઘર નજીક આવેલા મોલના સીસીટીવી કેમેરામાં કેદ થતા મોડાસા રૂરલ પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે ટીંટોઈ ગામે દોડી આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી ટીંટોઈ ગ્રામજનોએ પોલીસતંત્રની નિષ્ફળ કામગીરીથી રોષે ભરાયા હતા.

ટીંટોઈ ગામમાં શુભમ કિસાન પેટ્રોલપંપના માલીક મેઈન બજારમાં જનતા શરાફી મંડળી બેંક વિસ્તારમાં રહેતા બિપીનભાઈ ભંડારી શનિવારે બપોરના સુમારે ઘર બંધ કરી અમદાવાદ ખાતે રહેતા પુત્રના ત્યાં ગયા હતા અને રાત્રીના સુમારે તસ્કરો ત્રાટકી બંધ મકાનમાં દરવાજા તોડી ઘરમાં રહેલી તિજોરી, કબાટના તાળા તોડી ૩.૫૦ લાખ રોકડા, સોનાની વીંટી નંગ અંદાજિત ૭નંગ, ચાંદીના પ્યાલા, દિવડીઓ, છડા,ચાંદીના લાગડીઓ સહીત ૭ લાખ રૂપિયાના મુદ્દામાલની લૂંટ ચલાવી ફરાર થઈ જતા સવારે આજુબાજુમાં રહેતા લોકોએ ઘરનું તાળું અને દરવાજો તૂટેલો જોતા બિપીનભાઈને જાણ કરતા અમદાવાદથી દોડી આવી ઘરમાંથી મોટી રકમની લૂંટ થયાની જાણ મોડાસા રૂરલ પોલીસને કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરીની કાર્યવાહી હાથ ધરી હતી. ચોરીની ઘટનાના પગલે મોટી સંખ્યામાં ગ્રામજનો એકઠા થયા હતા અને ટીંટોઈ ગામે ચોરી લૂંટની ઘટનાઓ વધતા નાઈટ પેટ્રોલિંગ સહીત હોમગાર્ડના પોઈન્ટ ઉભા કરી ઘરફોડિયા ગેંગને ઝડપી પાડવાની માંગ કરી હતી.


ચોર-લૂંટારુઓ શનિવારે રાત્રીના બે વાગ્યાના સુમારે હાથમાં ધોકા જેવા મારક હથિયારો સાથે લૂંટની ઘટનાને વારદાત આપી હોવાની અને બે લૂંટારુઓ ઘરની બહાર ચોકી કરતા અને આંટાફેરા મારતા નજીકમાં આવેલા મોલના સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા.

# લોકરક્ષક દળની પરીક્ષામાં વધુ એક છબરડો ઉત્તરવહી બોરકોડ સ્ટીકર વગરની

**અરવલ્લી જિલ્લા પંચાયત સદસ્યની પીએમઓ, સીએમઓમાં લેખિત રજુઆત**

મોડાસા, તા.૮

લોકરક્ષક દળની પરીક્ષા સરકાર અને ભરતી બોર્ડ માટે વિવાદનો પર્યાય બની છે બહુ ચર્ચિત લોક રક્ષક દળની પરીક્ષા ૬ જાન્યુઆરીએ ફરીથી યોજાઈ હતી જેમાં વધુ એક છબરડો બહાર આવતા લોકરક્ષક દળના પેપર લીક કૌભાંડ માં સંડોવાયેલા મુખ્યસુત્રધાર મનહર પટેલ અને અરવલ્લી જીલ્લા એસ.સી/એસ.ટી સેલના ડી.વાય.એસ.પી એસ.એસ.ગઢવીની મુલાકાત લોકરક્ષક દળના પેપરના ગણતરીના કલાકો પહેલા બાયડ નજીકની હોટલમાં મુલાકાત થઈ હોવાનો સનસની ખેજ આરોપ લગાવનાર ડેમાઈ જીલ્લા પંચાયત કોંગ્રેસના સદસ્ય કીર્તિ પટેલે ૬ જાન્યુઆરીએ યોજાયેલી લોકરક્ષક દળની પરીક્ષામાં ઉત્તરવહીમાં બારકોડ સ્ટીકર લગાવાયા ન હોવાથી પરીક્ષાની ગુપ્તાતા ન જળવાયેલ ના હોય તથા અન્ય ગંભીર ક્ષતિઓ થી એલ.આર.ડી ની પરીક્ષા તત્કાલ રદ કરવાની અને સી.બી.આઈ ને તપાસ સોંપવાની માંગ સાથે આર.પી.એ.ડી થી પી.એમ.ઓ ઓફિસ દિલ્હી, સી.એમ.ઓ ઓફિસ ગાંધીનગર પત્ર લખી ૯ લાખ વિદ્યાર્થીઓ અને યુવાપેઢીના હિતમાં નિર્ણય લેવા માંગ કરી છે.




કીર્તિ પટેલે લોક રક્ષક દળ ની પરીક્ષામાં ગંભીર ક્ષતિઓ રહેલી હોવાથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૫ મુદ્દાઓ સાથે પત્ર લખી સી.બી.આઈ તપાસની માંગ કરી છે ૧)ઓ.એમ.આર ઉત્તરવહી પર બારકોડ સ્ટીકર લગાવવામાં આવેલ નથી જેથી પરીક્ષાર્થીઓની ગુપ્તતા જળવાઈ નથી ૨)ઓ.એમ.આર ઉત્તરવહી ઉપર ઓ.એમ.આર ક્રમાંક તથા તેની નીચે પરીક્ષાર્થીનું કોલ લેટર મુજબ નામ, બેઠક ક્રમાંક,પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક, પ્રશ્ન પુસ્તિકા કોડ,અને નિરીક્ષક તથા ઉમેદવારની સહી લેવામાં આવી જેની ગુપ્તતા

● અનુસંધાન પાના - ૭ પર

# ખેડબ્રહ્મા પુસ્તકાલયનો અમૃત મહોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્માના મહેતા એચ.એલ. અને બાઈ આનંદી ફ્રી વાંચનાલાય ના ૭૫ વર્ષ પુરા થતા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ કીર્તિકુમાર જોશી એ સૌઓનું સ્વાગત કર્યું હતું. પટેલ, ગોપાલભાઈ પટેલ, બ્રિજેશભાઈ પટેલ, સહિત મોટી સંખ્યમાં સભ્યો તથા દાતાઓ



રવિવારે અમૃત મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી. ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ સમારોહના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહયા હતા. વાંચનલયના હોલના નામકારણના રૂ. ૨.૫૧.૦૦૦ ના દાન દાતા પટેલ રામભાઈ સવજીભાઈ, તથા સા.કા.બેન્કના ડિરેક્ટર પટેલ શામલભાઈ સવજીભાઈ ના વરદ હસ્તે દીપપ્રગત્ય કરી સમારોહનું સ્મૃતિગ્રંથનું વિમોચન મદદનીશ ગ્રંથાલય નિયામક રમેશભાઈ ડી પરમારના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. વાંચનલયના સ્વપ્રદ્રષ્ટા સ્વ. આનંદીબેન ભટ્ટ તથા દાતા રામભાઈ પટેલ અને શામલભાઈ પટેલ ના તૈલ ચિત્રનું અનાવરણ ના વરદ હસ્તે કરવમાં આવ્યું હતું. આ પ્રસગે પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદી, મામલતદાર જી.ડી.ગમાર, પાલિકા પ્રમુખ જલકબેન પટેલ, સુરેશભાઈ પટેલ, નરેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા સમારંભનું સંચાલન જગદીશભાઈ ભટ્ટે કર્યું હતું. આ પ્રસન્જ સંસ્થાના પ્રમુખ કીર્તિભાઈ જોશી, મંત્રી અમૃતલાલ સુથાર, સહમંત્રી હસમુખભાઈ પંડ્યા, તથા લખુભાઈ અટારાનું સારી કામગીરી બદલ ધારા સભ્ય અશ્વિનભાઈ કોટવાલ ધ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ વાંચનલયમાં ધારાસભ્ય ફંડમાંથી ૪૧૮૦૦૦ નું અનુદાન પણ મળ્યું છે.

# દિયોદરમાં જિલ્લા શિક્ષણ અધિકારીની ઓચિંતી મુલાકાત

દિયોદર, તા. ૮

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના શિક્ષણ વિભાગ ની આજે જિલ્લાના શિક્ષણ અધિકારીએ મુલાકાત લીધી હતી અને દિયોદર તાલુકાના સરકારી શિક્ષણ ની માહિતી મેળવી હતી ત્યારે છેલ્લા કેટલાય સમયથી વિવાદ માં સપડાયેલી દિયોદર પાથમિક શાળા ન .૨ તપાસ કેમ કરવામાં આવતી નથી તે એક મોટો સવાલ છે જિલ્લા શિક્ષણ અધિકારી ની ઓચિંતી મુલાકત લેતા સ્થાનિક લોકોમાં ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે દિયોદર તાલુકાના પાથમિક શાળા નંબર ૨ માં શાળાના આચાર્ય દ્વારા કૌભાંડ થયું હોવાની માહિતી છેલ્લા કેટલા સમયથી પ્રિન્ટ મીડિયામાં ઈલેક્ટ્રીક મીડિયા માં પ્રસારિત કરવામાં આવી હતી ત્યારે જિલ્લાના શિક્ષણ અધિકારી આ બાબતે તપાસ માં આવ્યા હતા કે કેમ ..તે પણ એક ચર્ચાનો વિષય રહ્યો છે ત્યારે દિયોદર પાથમિક શાળા નંબર ૨ ના આચાર્ય ભદ્રસિંહ રાઠોડ દ્વારા હોસ્ટેલમાં કેટલાક બાળકોની ખોટી રીતે નોઘણી કરી હોવાનો બાળકોના વાલીઓ દ્વારા જણાવ્યું હતું કે અમારા બાળકો કોઈ દિવસ હોસ્ટેલમાં રોકાયા નથી છતાં પણ આચાર્ય દ્વારા સરકારની ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવે છે જે બાબતે દિયોદર ના પત્રકારો દ્વારા સત્ય અહેવાલ પસારીત કરવામાં આવ્યા હતા.

## લખનૌ ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં અરવલ્લી-સાબરકાંઠાનો સાત ગોલ્ડ મેડલ સાથે દબદબો

મોડાસા, તા.૮

અરવલ્લી જીલ્લાના ખેલાડીઓ હવે રમત-ગમે ક્ષેત્રે દેશમાં ડંકો વગાડી રહ્યા છે હોકી,કરાટે,તીરંદાજી,ચેસ, ટેબલ ટેનિસ,બેડમિન્ટન જેવી વિવિધ રમતોમાં પણ શ્રેષ્ઠ દેખાવ કરી રહ્યા છે ઉત્તરપ્રદેશ લખનઉ ખાતે ૯ મી ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપ યોજાઈ હતી જેમાં ભારત, શ્રીલંકા, નેપાળ, બાંગ્લાદેશ, સ્વીડન,જાપાન, ઉઝબેકિસ્તાન




સહીત દેશના ખેલાડીઓએ ભાગ લીધો હતો જેમાં અરવલ્લી-સાબરકાંઠા ખેલાડીઓએ અલગ-અલગ ગ્રુપમાં ૭ ગોલ્ડ,૫ સિલ્વર,૬ બ્રોન્ઝ મેડલ મેળવી સમગ્ર વિશ્વમાં અને ભારત દેશમાં અરવલ્લી-સાબરકાંઠાના ખેલાડીઓએ ડંકો વગાડ્યો હતો.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના કરાટેના ખેલાડીઓએ મહારાષ્ટ્રના લોનાવાલા ખાતે યોજાયેલ નેશનલ ચેમ્પિયનશીપમાં ૧૧ રાજ્યોના ખેલાડીઓની ઉપસ્થિતિમાં ભવ્ય દેખાવ કરતા ઈન્ટરનેશલ ચેમ્પિઓનશીપ માટે તાલીમ આપવામાં આવતા કરાટે કોચ જુજાર સિંહ વાઘેલા ના માર્ગદર્શન હેઠળ ઉત્તરપ્રદેશ લખનઉ ખાતે ૯ મી ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપ માં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી કાતા ઈવેન્ટમાં ૩ અને કુમીતેમાં ૪ ગોલ્ડ મેળવતા અરવલ્લી-સાબરકાંઠા કરાટે એશો સહીત જિલ્લામાંથી અભિનંદનની વર્ષા થઈ હતી.

(૧) પંચાલ કેષાએ ગોલ્ડ-૨,(૨) વાઘેલા વૈદહી ગોલ્ડ-૧,સિલ્વર-૧ (૩) ધામી અરમાન.આર ગોલ્ડ-૧,સિલ્વર-૧ (૪) જોષીયારા એની સિલ્વર-૨ (૫) પટેલ ઋત્વી ગોલ્ડ-૧,સિલ્વર-૧ (૬) આચાર્ય આસ્થા ગોલ્ડ-૧,બ્રોન્ઝ-૧ (૭) ડામોર ખુશ્બૂ બ્રોન્ઝ-૨ (૮) પટેલ ભક્તિ બ્રોન્ઝ-૧ (૯) પટેલ શુભ ગોલ્ડ-૧ (૧૦) જોષીયારા પ્રથમ સિલ્વર-૧, બ્રોન્ઝ-૧